૨૩૨૫૪૩૭૭ (નિયામક)
૨૩૨૫૪૪૧૧ (સંયુક્ત નિયામક)
૨૩૨૫૬૩૫૯ (હિસાબી અધિકારી)
૨૩૨૫૪૯૯૪ (ટી.સી.બ્રાંચ)
ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૫૯૭૬૦

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,
## ગુજરાત રાજ્ય

વિમા અને લેખા ભવન બ્લોક નં.૧૭,
ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર-૩૮૨૦૧૦

હિતિનિ/ટીસી/ફા.નં.૧૩૪/પેન્શન /૪૧૧૩-૪૧૪૨ તા.૦૬/૦૭/૨૦૧૩.

પરિપત્ર:નં. ૯ /૨૦૧૩

વિષય:- પેન્શનનાં પ્રથમ ચુકવણુ સમયે પેન્શનરનાં છેલ્લા પગારનાં પ્રમાણપત્ર(LPC)ની ચકાસણી બાબત:

અત્રેની કચેરીનાં ધ્યાને આવેલ છે કે અમુક તિજોરી કચેરીઓમાં છેલ્લા પગારનાપ્રમાણપત્ર(LPC)માં જણાવેલ પગારનાં દર અને જે પગાર પર પેન્શન મંજુર થયેલ છે તે બન્નેમાં તફાવત છે કે કેમ તે ચકાસવામાં આવે છે, અને જો તફાવત હોય તો પેન્શનનું પ્રથમ ચુકવણું કરતાં નથી. જે બાબત વ્યાજબી નથી. પેન્શન અધિકૃત કરનાર કચેરી દ્વારા જયારે પેન્શન કેસ અધિકૃત કરવામાં આવે છે ત્યારે પેન્શનરનાં છેલ્લા પગાર પંચમાં થયેલા રીવીઝનનાં ફીકસેશનથી તેઓ નિવૃત થયા ત્યાં સુધીનાં પગારની ચકાસણી કરવામાં આવે છે. અને ત્યાર પછી અધિકૃતી આપવામાં આવે છે. LPC માં પગારનાં દરમાં તફાવત હોવાનું કારણો જુદાજુદા હોઇ શકે છે જેમાં મુખ્યત્વે:

૧) પેન્શન રીવાઇઝ થયેલા પગાર પર બંધાયેલ હોય પરંતુ તે દરથી પગારનું ચુકવણું થયેલું હોતું નથી.

૨) કચેરી દ્વારા પગારનાં ઇજાફા મેન્યુઅલ છોડવામાં આવે છે ત્યારે તેઓ દ્વારા ઇજાફાની રકમ ઓછી ગણવામાં આવે છે જયારે પેન્શન અધિકૃત કરનાર કચેરી દ્વારા પેન્શનની ગણત્રી કરતી વખતે આ ઇજાફા સાચા દરે ગણવામાં આવે છે તેથી પેન્શનરની કચેરી દ્વારા ચુકવવામાં આવેલ પગાર અને જે પગાર પર પેન્શન બંધાયેલ છે તે બન્નેમાં વિસંગતતા જોવામાં આવે છે.

છેલ્લા પગારના પ્રમાણપત્રની ચકાસણી પેન્શનર પાસે સરકારશ્રીનું કોઇ લેણું બાકીમાં નથી તે હેતુથી કરવામાં આવે છે જે બાબત ધ્યાને રાખવી. પગારમાં વિસંગતતાના કારણોસર પેન્શનનું પ્રથમ ચુકવણુ વિલંબિત ન થાય તે અંગે કાળજી રાખવા આથી તમામને જણાવવામાં આવે છે.

સંયુક્તનિયામક

પ્રતિ,
શ્રેયાન/જિલ્લા/ તિજોરી અધિકારીશ્રી......................
પેન્શન ચુકવણા કચેરી......................
નકલ રવાના :૧) નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી,હિ.તિ.નિ કચેરી, ગાંધીનગર.
૨) નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી,(પેન્શન) હિ.તિ.નિ કચેરી, ગાંધીનગર.